ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૪ ટકા

# આજે શહેરમાં ૧૦,૦૦૦ કિલો ઊંધીયું ખવાશે

## ઊંધીયાની સાથે સાથે જલેબી અને લીલવા કચોરી ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૧

શહેરભરમાં શિયાળાની ઋતુ જામી છે ત્યારે શહેરીજનો અવનવી શિયાળાની વાનગીઓ બનાવીને આરોગી રહ્યા છે. જેમાં સૌથી પ્રિય શિયાળાનું ઊંધિયું જેની ડિમાન્ડ વધી રહી છે. શહેરીજનો આ વર્ષે ૧૫૦૦ થી ૨૫૦૦ કિલો ઊંધિયુંની ખરીદી કરશે તેવો વેપારીઓને અંદાજ છે. ઊંધિયા સાથે જલેબી અને લીલવા કચોરીની પણ ડિમાન્ડ ચાલી રહી છે. ફરસાણની દુકાનોમાં ઊંધિયાનો ભાવ ૩૨૦ રૂ. થી ૩૬૦ રૂ. કિલો છે જયારે સ્વીટ જલેબીમાં તેલની જલેબીનો ભાવ ૩૨૦ રૂ. કિલો અને ઘીની જલેબીનો ભાવ ૬૦૦ રૂ. કિલો છે. લીલવા કચોરીનો ભાવ ૨૮૦ રૂ.થી ૩૨૦ રૂ. પ્રતિ કિલો છે. ઉત્તરાયણમાં સૌથી વધારે આ






તમામ શિયાળુ વાનગીઓની મોટા પાયે ખરીદી કરવામાં આવશે. અત્યારે ઘરે ઘરે ઊંધિયું બનાવવામાં આવી રહ્યું છે.

નવા વર્ષની ઉજવણીના ભાગ રૂપે ૩૧ ડિસેમ્બરના રોજા રાત્રે મોટા પાયે ઊંધિયું બનાવવામાં આવ્યું હતું. શહેરની ગૃહિણીઓએ સોસાયટીઓમાં ભેગા મળીને ગ્રુપમાં એકબીજાના સહયોગથી ઊંધયું બનાવીને નવા વર્ષની ઉજવણી કરી હતી. ગરમાગરમ ઊંધીયું અને બાજરી જુવારના રોટલા સાથે ગોળ અને લસણની ચટણી ખાવાની શિયાળાની ઠંડીમાં અલગ જ મજા હોય છે. અત્યારે કોઈ પણ પ્રસંગ હોય ઊંધિયુ તો હોય જ છે અને પરિવારોમાં સ્પેશિયલ ઊંધિયા પાર્ટીનું આયોજન કરવામાં આવે છે.

ઊંધિયું એ એક મિશ્ર શાકની વાનગી છે. આ વાનગીનું નામ ગુજરાતી શબ્દ ઊંધું પરથી પડયું છે. પારંપારિક રીતે ઊંધિયું જેને માટલાનું ઊંધિયું અથવા માટીયાનું ઊંધિયું કહેવાય છે તેને માટીના વાસણને જમીનમાં ઊંધું દાટીને ઉપરથી દેવતા સળગાવીને બનાવવામાં આવતું હતું. આજે પણ દક્ષિણ ગુજરાત વિસ્તારમાં માટલાનું ઊંધિયું ખૂબ જ લોકપ્રિય છે. જેમાં સુરતી પાપડી, કાચું કેળું, કોળું, સકકરીયા અને અન્ય શાક વપરાય છે. આ શાકને એક મસાલેદાર રસામાં પકવાય છે જેમાં કયારેક કોપરું પણ વપરાય છે. જાન્યુઆરીમાં લગ્નપ્રસંગોમાં ઊંધિયુની જમાવટ જોવા મળશે. લીલી તુવેર, અધકચરા વાટેલા શિંગદાણા, કોથમીર, છીણેલું કોપરું વિગેરેથી સજાવાય છે.

શિયાળાની ઋતુમાં ગુજરાતના કોઈ પણ શહેરમાં કોઈ પણ જ્ઞાતિના અને કોઈ પણ આર્થિક સ્તરના ગુજરાતીને ત્યાં લગ્નપ્રસંગે જાઓ તો જમવાના મેનુમાં એક અનિવાર્ય વાનગી તરીકે ઊંધિયું તો હોય જ. આમ તો ઊંધિયું એક પ્રકારનું શાક છે પણ ગુજરાતી થાળમાં તેનો દબદબો એવો છે કે તે મીઠાઈ સમકક્ષ ગણાય છે. આમ, ઊંધિયું ગુજરાતી થાળીનો રાજા ગણાય છે.

## જન્મદિને વધામણી



કિશોરસિંહ પઢિયાર
પ્રકૃતિપ્રેમી



શિફા મેરૂજપ



રિહાન કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦

## અંડર ૧૭ ગર્લ્સ રોલબોલ નેશનલ ચેમ્પિયનશીપમાં હીર ઠાકુરને બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા.૧

નેશનલ રોલબોલ ચેમ્પીયનશીપમાં મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલી હીર ઠાકુરને અંડર ૧૭ ગર્લ્સ રોલબોલ નેશનલ ચેમ્પીયનશીપમાં



બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયું છે. આ સ્પર્ધા એસ.એમ.એસ. સ્ટેડીયમ જયપુર રાજસ્થાન ખાતે યોજાઈ હતી. તેમાં અલગ અલગ રાજયની ૧૯ ટીમોએ ભાગ લીધો હતો. મમતા સ્પોર્ટસ સેન્ટરના કોચ વસીમ મનસુરી તથા પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયાએ સંસ્થા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# ઉપવાસ આંદોલન શરૂ કરે તે પહેલાં જ માલધારીઓની અટકાયત કરાઈ

**આજે સે-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ગૌચર પાછા આપવાની માંગણીના બેનર સાથે આવેલા 'માલધારી અનસ્ટોપેબલ'ના આંદોલનકારીઓને ડિટેઈન કરાયાં : બપોરે મુખ્યમંત્રી કાર્યાલયે લઈ જઈને તેમની રજુઆત કરવાની તક અપાઈ : રજુઆત બાદ ચારેય આંદોલનકારીઓના પારણાં**

ગાંધીનગર, તા.૧

રાજયના ગાંધીનગર અને અમદાવાદ સહિત મહાનગરોમાં રખડતી ગાયો અંગે મહાનગરપાલિકા દ્વારા દંડની રકમ વધારવાની જોગવાઈ કરવાની તજવીજ સામે રોષની લાગણી પ્રવર્તવા સાથે અમદાવાદના 'માલધારી અનસ્ટોપેબલ'ના નેજા હેઠળ શનિવારે સવારે ૧૦ કલાકથી સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે કેટલાંક માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મંજૂરી માંગવામાં આવી હતી. જોકે કોરોના મહામારીને અનુલક્ષીને તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી ના હોવા છતાં માલધારી યુવા અગ્રણીઓ દ્વારા આજે ઉપવાસ આંદોલનનો પ્રયાસ કરવામાં આવતાં પોલીસે પાંચ આંદોલનકારીઓને ડિટેઈન કરી લીધા હતાં.

'માલધારી અનસ્ટોપેબલ' દ્વારા ગાંધીનગર અને અમદાવાદ સહિત ગુજરાતના મહાનગરોમાં રખડતી ગાયોના પ્રશ્ને બાબતે થઈ રહેલા વિવાદના અનુસંધાને મહાનગરમાં વસતા





માલધારીઓને સરકાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે તેવી માંગણી સાથે જે માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવાની મંજુરી માંગવામાં આવી હતી. આ અંતર્ગત ગાંધીનગરના રઘુભાઈ રબારી, મોટપના દિનેશ દેસાઈ, અમદાવાદના વિરમભાઈ રબારી, મયુર દેસાઈ અને નાગજીભાઈ નમના પાંચ આંદોલનકારીઓએ આજે સવારે આશરે સાડા દસના સુમારે સત્યાગ્રહ છાવણી ખાતે બેનર સાથે આવીને ઉપવાસ આંદોલનનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ સ્થળ પર અગાઉથી હાજર પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓએ તેમને ઘેરી લીધા હતા અને મંજૂરી વગર આંદોલન કરવા બદલ પાંચેય આંદોલનકારીઓની અટકાયત કરી હતી. આ સમયે આંદોલનકારીઓએ 'ગૌચર પાછા આપો' અને 'અમને ન્યાય આપો' સહિત ભાજપ સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. પાંચેય આંદોલનકારીઓને સત્યાગ્રહ છાવણીથી સેકટર-૭ પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા જયાં તેમના નિવેદન લેવાયા બાદ તેમની માંગણી રજુ કરવા માટે મુખ્યમંત્રી કાર્યાલયે લઈ જવાની તક આપવામાં આવી હતી. મુખ્યમંત્રી તેમના કાર્યાલય ખાતે ઉપસ્થિત ના હોવાથી પોલીસ દ્વારા પાંચેય આંદોલનકારીઓને મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી કાર્યાલય ખાતે લઈ જવાયા હતા જયાં માલધારીઓએ આવેદનપત્ર આપ્યું હતું.

આ પછી પોલીસ દ્વારા પાંચેય આંદોલનકારીઓને સત્યાગ્રહ છાવણી ખાતે લાવી મુક્ત કરવામાં આવ્યા હતા તેના બાદ આંદોલનકારીઓએ સેકટર-૧૧માં અખબાર ભવન ખાતે આવી ઉપવાસ પારણાં કરી પત્રકારો સમક્ષ પોતાની માંગો રજુ કરી હતી. માલધારી આંદોલનકારીઓએ મુખ્યમંત્રી કાર્યાલયે આપેલા આવેદનપત્રમાં શહેરોમાંથી રખડતા પશુઓ પકડવાના નામે પશુઓ તથા પશુપાલકો પર અત્યાચાર બંધ કરવા, ગૌચર ભૂમિ પર થયેલા દબાણો દુર કરી ગૌચર અને મુક્ત કરવા, શહેરી પશુપાલકોને માલધારી વસાહત બનાવી આપવા સહિતની માંગ રજૂ કરવામાં આવી છે.

## આજે સેકટર-૩-સી ખાતે બૌધ્ધધમ્મની પુન્યાનુમદિન સભા યોજાશે

ગાંધીનગર, તા.૧

સેકટર-૩-સી ખાતે સ્વ.જીતેન્દ્રકુમાર એન. અગ્રવાલના નિવાસસ્થાને બૌધ્ધધમ્મની પુન્યાનુમદિન સભાનું આયોજન કરેલ છે. જે આજે સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી યોજાશે. જેમાં બૌધ્ધ સંસ્કાર મુજબ પુન્યાનુમોદન શાંતિવંદના મંગલ મૃત્યુ પર યોજાશે. ગુજરાતના જાણીતા બૌધ્ધ ભિખ્ખુ સારિપુત્ત દેશના કરશે. ભગવાન બુધ્ધના ૩૮ મંગલા તથા કરણેયમિત્ત સુત્ર અને શૈયસુતનું સંગાયાન થશે. ગાંધીનગરની ધર્મપ્રેમી પ્રજાને આ સભામાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

## સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ દ્વારા ૮મીએ રાહત દરે મેડીકલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૧

સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ દ્વારા રાહત દરેમેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખ ૮ના રોજ મેડીકલ કેમ્પ શ્રી સંતોષી માતા મંદિર, સે-૨૫ ખાતે યોજાશે. આ કેમ્પ સવારે ૭.૩૦ થી ૧૧.૩૦ સુધી કાર્યરત રહેશે. જેમાં લઘુતમ ૫૦ વ્યકિત અને મહત્તમ ૨૦૦ વ્યકિતને રાહત દરની રકમ ચૂકવીને શરીરના અંગોના મેડીકલ ટેસ્ટ કરાવી શકાશે જેના માટે ૪ તારીખ સુધીમાં પોતાનું નામ રજિસ્ટ્રર કરાવવું ફરજીયાત રહેશે. માત્ર ડાયાબીટીસ ચેકઅપ મફત કરી આપવામાં આવશે. આ સાથે ચેકઅપ કરાવવા આવનાર સભ્યએ પોતાની સંસ્થાનું આઈકાર્ડ લાવવું ફરજીયાત છે. અને બહારના વ્યકિત કે પોતાના કુટુંબીજનોને જો મેડીકલ ચેકઅપ કરાવવો હોય તો તેમનું માત્ર નામ અને ફોન નંબર નોંધાવવા પડશે. આ કેમ્પનો લાભ કોઈ પણ વ્યકિત લઈ શકે છે. સવારે ચેક અપ માટે આવનાર વ્યકિતએ ભૂખ્યા પેટે આવવાનું રહેશે અને ટેસ્ટ કર્યા બાદ સંસ્થા તરફથી નાસ્તો આપવામાં આવશે.



વાવોલ ગામમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સેવાસેતુ કાર્યક્રમમાં આવકના દાખલા માટેના સોગંદનામાનું એક જ ટેબલ હોવાથી ત્યાં ઘણી મોટી લાઈન જોવા મળી હતી. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતી ૫૦થી વધુ સુવિધાઓ એક જ સ્થળે મળતી હોવાથી ગ્રામજનોએ આ કાર્યક્રમનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## પંચદેવ મંદિર ખાતે શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા.૧

પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે શ્રીમદ ભાવગત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૩ના રોજ બપોરે ૨ થી ૬ કલાકે શ્રી નીલકંઠ શાસ્ત્રીના વ્યાસપીઠે યોજાશે. આ કથાનો પ્રારંભ પોથીયાત્રાથી કરવામાં આવશે. પ્લોટ નં. ૫૮૫, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨માં મંગુબા કાન્તિભાઈ પટેલ (રાંધેજાવાળા)ના નિવાસસ્થાનેથી સવારે ૯.૩૦ કલાકે પોથીયાત્રાનો પ્રારંભ થશે. તેથી વડમંડળ પંચદેવ મંદિર દ્વારા સર્વ ધર્મપ્રેમી ભકતોએ શ્રવણનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## એસ.કે. પટેલ કે.જી.ઈંગ્લિશ મીડિયમમાં બલૂન અને કેપ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૧

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં બલૂન અને કેપ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો કલરફૂલ બલૂન અને કલરફૂલ કેપ પહેરીને આવ્યા હતા. બાળકોએ ઉત્સાહપૂર્વક બલૂનનો કલર બોલી અને પોતાનો બલૂન ફોડીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## સમર્પણ પબ્લિક સ્કુલ ખાતે નાતાલના પર્વનું આયોજન

ગાંધીનગર, તા.૧

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન સમર્પણ પબ્લિક સ્કુલ, ખાતે નાતાલ ા પર્વનું અને નવા વર્ષની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ વેશભુષા ધારણ કરીને નૃત્ય કરીને આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. અને આ સાથે વાલીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી હતી. શાળાના દરેક વિદ્યાર્થીઓને શાળા તરફથી ભેટ આપીને સન્માનિત કરાયા હતાં. આ કાર્યક્રમમાં શાળાના મેનિજિંગ ડાયરેકટર મહેંદ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર ડો. એમ.ડી.પાંડે, શાળાના આચાર્યશ્રી પાયલ આચાર્ય, CBSE સ્કુલના આચાર્ય સુનિલ કુમાર કેસરી, રંગ તરંગ પ્રિ-સ્કુલ ના ટ્રસ્ટી મિલન પટેલ અને આશા પટેલ , એડમિન સ્ટાફ અને શિક્ષકોએ હાજરી આપીને આ કાર્યક્રમની શોભા વધારી હતી.



## શ્રી ગજાનન સેવા દ્વારા ગરમ સ્વેટરનું વિતરણ



ગાંધીનગર, તા.૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જરૂરિયાતમંદોને ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શામળાજી વિસ્તારની ગઢીયા, રુદરડી, મૂળીયા ટીંબા, ગંભીરપુરા, ઘોલવણી છાપરા તથા ભૂતાવડ આશ્રમ શાળાનાં કુલ ૨૪૪ વિદ્યાર્થીઓને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અમુકને ચપ્પલનું પણ વિતરણ કર્યું હતું. આ સમગ્ર સેવાકાર્યમાં મિલિન્દભાઈ, શ્રુતિબેન રક્ષાબેન, યોગેશભાઈ ગામેતીભાઈએ ઉપસ્થિત રહી સેવાકાર્ય કર્યું હતું.

## કડી સર્વ વિદ્યાલયની ગર્લ્સ હોસ્ટેલમાં નવા વર્ષની ઉજવણી



ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિદ્યાલયમાં ગર્લ્સ હોસ્ટેલમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા યોગ, નાટિકા, ડાન્સ, સોંગ વગેરે રજુ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હોસ્ટેલ સુપ્રિટેન્ડેન્ટ વસંતીબેન તેમજ હોસ્ટેલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એસ.જી. અને એસ.વી. શાળામાં નવા વર્ષની ઉજવણી




ગાંધીનગર, તા.૧

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં નવા વર્ષની ઉજવણી નિમિત્તે વર્ગ સુશોભન, વેશ પરિધાન અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ. પટેલ વિનોદચંદ્ર કેશવલાલ, ઉ.વ. ૮૦, દહેગામ

● રૂદ્રભૂમિ ●

● સ્વ. જગપાલ શિશપાલસિંહ, ઉ.વ. ૮૯, સરગાસણ